રજુ તારીખ– તા.૦૫/૦૭/૧૮
દાખલ તારીખ–તા.૦૫/૦૭/૧૮
ફેંસલ તારીખ–તા. ૨૬/૦૨/૧૯
અવધિ– વર્ષ – માસ– દિવસ

ભાવનગરના મહે.નવ 'માં એડીશનલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમા.

સ્પે.દિવાની કેસ નં.૨૭૦૦/૨૦૧૮

આંક–૧૭

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ.
(રી–ઓર્ગેનાઈઝેશન હેઠળ તથા રેગ્યુલેશન)
એકટ,૨૦૦૩ કાયદેસર રચાયેલ લીમીટેડ કંપની,
જેની હેડ ઓફિસ, લક્ષ્મીનગર, રાજકોટ
મુકામે આવેલ છે તેની
મામસા સબ ડીવીઝન ઓફિસ,
તા.જિલ્લો. ભાવનગર. ... ......વાદી

વિ રૂ દ ધ

પ્રવીણભાઈ સુરાભાઈ રાઠોડ,
ઉ.વ. પુખ્ત ધર્મે હિન્દુ
ઠે.ગામના અવેડા પાસે,
કંટાળા,તા.ઘોઘા,જિ.ભાવનગર.
... .....પ્રતિવાદી

બાબત– દાવો રૂા.૧૭,૮૪૬–૦૦ પૈસા વસુલ લેવા માટે

| | | |
|---|---|---|
| વાદી તરફે | : | વિધ્વાન વકીલશ્રી આર.એલ.પટેલ |
| પ્રતિવાદી તરફે | : | ગેરહાજર. |

–: ચુ કા દો :–

**વાદીના દાવાની ટુંકમ હકીકત :–**

૧. વાદીના દાવાની હકીકત ટુંકમા એવી છે કે, સદર વિજ કંપની કાયદાથી રચાયેલ રજીસ્ટર્ડ સંસ્થા છે. વાદી કંપની તેની તાબા તળેના નિર્દિષ્ટ વિસ્તારમાં વિજળીનું વિતરણ તથા વિજ પુરવઠો પુરો પાડવા સહિતનું વિજ વપરાશ અંગેનું તમામ કામકાજ કરે છે અને વાદી કંપનીની સુગમતા માટે વાદી કંપનીની તાબા તળેનાં નકકી કરેલ વિસ્તારોમાં જુદી જુદી જગ્યાએ સર્કલ ઓફિસ, ડિવીઝન ઓફિસ, સબ ડિવીઝન ઓફિસ આવેલી છે. સદરહુ દાવામાં તેઓ મામસા સબ ડિવીઝન ઓફિસના જવાબદાર સક્ષમ અધિકારી છે અને દાવાની સંપૂર્ણ હકીકતોથી માહિતગાર છે. આ કામના પ્રતિવાદીએ વાદી પાસે કયારેય વિજ કનેકશન મેળવવા અરજી કરેલ નથી, વાદીએ પ્રતિવાદીને કયારેય કોઈ જાતનું કનેકશન આપેલ નથી જેથી પ્રતિવાદી વાદીના ગ્રાહક નથી. વાદી કંપનીનાં અધિકારીઓ ધ્વારા તા.૦૭/૦૭/૧૬ ના રોજ પ્ર તિવાદીના સ્થળે પ્રતિવાદીને કોઈ વીજ કનેકશન આપવામાં આવેલ નહી હોવા છતા, વિજ ચેકિંગ કરવામાં આવતાં પ્રતિવાદી વાદી વિજ કંપનીની હળવા દબાણની લાઈનમાં પ્રાઈવેટ ટવીન સર્વિસ વાયરની મદદથી બીનઅધિકત તેમજ બિનકાયદેસર રીતે વિજ વપરાશ કરતા હોવાનુ માલુમ પડેલ. પ્રતિવાદી ચેકિંગ સમયે કુલ–૧૨૦ વોટનો ગેરકાયદેસર વિજ વપરાશ કરતા હોવાનુ માલુમ પડેલ છે. આમ, પ્રતિવાદી, વાદી કંપનીની હળવા દબાણની લાઈનમાંથી ડાયરેકટ પાવર ચોરી કરતા હોવાનુ માલુમ પડતાં તે સંબંધે સ્થળ પર ચેકિંગ શીટ તથા રોજકામ તૈયાર કરવામાં આવેલ અને સ્થળ પરથી વિજ ચોરી કરવા બદલના સાધનો કબજે લીધેલ અને ગેરકાયદેસર વિજ વપરાશનું નિયમ મુજબ રૂા.૧૭,૮૪૬/–નું બીલ મોકલેલ

અને તે અન્વયે તા.૧૫/૦૫/૧૮ ના રોજ નોટિસ આપવામાં આવેલ તેમ છતાં પ્રતિવાદીએ બીલની લ્હેણી રકમ વસુલ આપેલ ન હોય બાકી લ્હેણી રકમ રૂા.૧૩,૦૦૪–૦૦ પૈસા તથા ડી.પી. ચાર્જનાં રૂા.૪૮૪૨–૦૦ પૈસા મળી કુલ રૂા.૧૭,૮૪૬/– વસુલ મેળવવા વાદીએ હાલનો દાવો કરેલ છે. વાદી રોજબરોજના વ્યવહારમાં નાંણાકીય મુશ્કેલી તેમજ હાડમારી અનુભવે છે તેથી વાદીને દર વર્ષે દર સેંકડે વિજ વપરાશ વગેરેની બાકી રહેતી રકમ પર ૧૮% લેખે અથવા તો રાષ્ટ્રીયકૃત બેન્ક ધિરાણ પર જે વ્યાજ વસુલ કરે તે બેમાંથી જે વધુ હોય તે મુજબ વ્યાજની માંગણી કરેલ છે અને બાકી લ્હેણી રકમ પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલકતમાંથી વાદી વસુલ લઈ શકે તેવુ હુકમનામું વાદીના લાભમાં કરી આપવા તેમજ દાવાનો તમામ ખર્ચ તથા દાવા તારીખથી વાદીની લ્હેણી રકમ વસુલ થતાં સુધી ૧૮% લેખે વ્યાજ અપાવવા અરજ કરેલ છે.

૨. સદર દાવાનો આંક–૫ નો સમન્સ ધારાસર બજી ગયા બાદ કોર્ટ સમક્ષ પ્રતિવાદી પોતે કે તેમના કોઈ પ્રતિનિધિ–વકીલશ્રી હાજર થયેલ નથી કે કોઈ મુદત રીપોર્ટ નહિ આવતા તા.૧૬/૦૨/૧૯_ના રોજ વાદીનો દાવો એકતરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૩. ઉપરોકત દાવાના કામે આંક–૬ થી નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

1. Whether the plaintiff proves that Rs.17,846/- are due from the defendent towards electricity charges ?

2. Whether the plaintiff proves that the defendant has committed theft of electric energy?
3. Whether the plaintiff is entitled to get interest ? If yes, at what rate ?
4. What order and decree ?

૪. ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.
૨. હકારમાં.
૩. હકારમાં ૭ ટકા લેખે
૪. આખરી હુકમ મુજબ.

**પક્ષકારોના પુરાવાઓઃ–**

૫. આ કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજૂ કરેલ છે.

**મૌખિક પુરાવો :–**

| સાહેદ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૭ | સાહેદ નૈનેષભાઈ પી.સંચાણીયા |

**દસ્તાવેજી પુરાવો**

| અનુ.નં | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | તપાસણી અહેવાલ |
| ૨ | ૧૦ | સ્થળ રોજકામની નકલ |
| ૩ | ૧૧ | વેરીફીકેશન રીપોર્ટ |
| ૪ | ૧૨ | એ.બી.સી.ડી.ફોર્મ્યુલા શીટ |
| ૫ | ૧૩ | પુરવણી બીલનો કવરીંગ લેટર |
| ૬ | ૧૪ | પ્રતિવાદીને આપેલ નોટીસ તથા રજી.એડી.ની પહોંચ |
| ૭ | ૧૫ | પરફોર્મા નં.૧૨ |

| | | |
|---|---|---|
| ૮ | ૧૬ | વાદી તરફે કલોઝીંગ પુરસીસ. |

આ સિવાય વાદી તરફે અન્ય મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

૬. આ કામે પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો, પુરતી તક આપવા છતાં રજૂ કરેલ નથી. તેમની સામે દાવો એકતરફી ચલાવવામાં આવેલ છે.

<u>વાદી તરફેની દલીલઃ—</u>

૭. વાદી તરફે વિ.વ.શ્રી આર.એલ. પટેલનાઓએ મુખ્યત્વે દલીલ કરતા જણાવેલ છે કે, વાદી કંપનીના પ્રતિવાદી નોંધાયેલા ગ્રાહક નથી. વાદી કંપનીના અધિકારીઓ ધ્વારા પ્રતિવાદીને ત્યાં તા.૦૭/૦૭/૧૬ ના રોજ ચેકિંગ કરવામાં આવતાં વાદી કંપનીની વિજ લાઈનમાંથી ડાયરેકટ પાવર ચોરી કરી વિજ વપરાશ કરતા હોવાનુ જણાઈ આવતાં સ્થળ પર ચેકિંગ શીટ તથા રોજકામ તૈયાર કરેલ. જેથી ગેરકાયદેસર વિજ ચોરીનાં બીલની રકમ તથા ડી.પી. ચાર્જની રકમ મળી કુલ રૂા.૧૭,૮૪૬—૦૦ ચૂકવવા પ્રતિવાદી જવાબદાર છે. જે રકમની પ્રતિવાદી પાસે અવાર—નવાર ઉઘરાણી કરવા છતાં કે નોટિસ આપવા છતાં કોઈ રકમ પ્રતિવાદીએ ભરપાઈ કરેલ નથી. જેથી માંગણી મુજબનો હુકમ કરી આપવા રજૂઆત કરેલ છે. વાદીએ દાવાની હકીકત સાબિત કરવા આંક—૦૭ થી વાદી તરફે નૈનેષભાઈ પી.સંચાણીયા નાઓના સરતપાસનાં સોગંદનામુ રજૂ કરેલ છે. આ સાહેદની જુબાનીની ઉલટતપાસ કરી પ્રતિવાદી તરફે પડકારેલ નથી. આમ, પ્રતિવાદી કોર્ટ સમક્ષ હાજર

થયેલ નથી કે જવાબ રજૂ કરી દાવાનો ઈન્કાર કરેલ નથી કે દાવાને પડકારેલ નથી. જેથી દાવા મુજબની રકમ વ્યાજ સાથે પ્રતિવાદી ચૂકવે તેવો હુકમ કરવો જોઈએ.

## :–: કારણો :–:

**મુદ્દા નં.૧ થી ૩ :–**

૮. ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, પુનરાવર્તન ટાળવા સારૂં તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

૯. આ કામના વાદી તરફે વાદી કંપનીના નાયબ ઈજનેર શરદકુમાર જી.પંચાલ નાઓએ આંક–૦૭ થી વાદી તરફે નૈનેષભાઈ પી.સંચાણીયા નાઓએ અદાલત રૂબરૂ સી.પી.સી. ઓર્ડર–૧૮, રૂલ–૪ મુજબ પુરાવારૂપી સોગંદનામાઓ રજૂ કરેલ છે. તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નાયબ ઈજનેર તરીકે ફરજ બજાવે છે. વાદી કંપની વિજળીનું વહન વિતરણ તથા વિજ પુરવઠો પુરો પાડવા સહિતનું વિજળી અંગેનું કામકાજ કરે છે. આ દાવો તેઓનાં સબ ડીવીઝનમાંથી દાખલ કરવામાં આવેલ હોવાથી સદર દાવાની તમામ હકીકતોથી સંપૂર્ણ વાકેફ છે. પ્રતિવાદીએ વાદી કંપની પાસેથી કાયદેસરનું વિજ કનેકશન લીધેલ નથી. વાદી કંપનીના સક્ષમ અધિકારી ધ્વારાં તા.૦૭/૦૭/૧૬ ના રોજ પ્રતિવાદીનાં રહેણાકે પ્રતિવાદીની હાજરીમાં વિજ ચેકિંગ કરવામાં આવતાં પ્રતિવાદી વાદી વિજ કંપનીની હળવા દબાણની લાઈનમાં પીળા રંગનો પ્રાઈવેટ ટવીન સર્વિસ વાયરની મદદથી વાયરીંગમા લોડ જોડી બીનઅધિકત તેમજ બિનકાયદેસર રીતે વિજ વપરાશ કરતા હોવાનુ માલુમ પડેલ. પ્રતિવાદી ચેકિંગ સમયે કુલ–૧૨૦ વોટનો ગેરકાયદેસર વિજ વપરાશ કરતા હોવાનુ માલુમ પડેલ છે. જેથી વાદી કંપનીના સક્ષમ અધિકારીઓ

ધ્વારા પ્રતિવાદી સામે વાદી કંપનીના નીતિ નિયમ મુજબના રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે. દસ્તાવેજી પુરાવામાં વાદી કંપનીના અધિકારીઓની સહી તેઓ ઓળખે છે. પ્રતિવાદી પાસે ગેરકાયદેસર વિજ વપરાશની રકમ તથા ડી.પી. ચાર્જની રકમ વિગેરે મળી કુલ રૂા.૧૭,૮૪૬–૦૦ બાકી લ્હેણાં રહે છે, જેની અનેકવાર ઉઘરાણી કરવા છતાં પ્રતિવાદીએ લ્હેણી રકમ વાદીને ભરપાઈ ન કરતાં નોટિસ આપેલ છતાં પ્રતિવાદીએ બાકી નિકળતી લ્હેણી રકમ ભરપાઈ કરેલ નથી. જેથી વાદીની પ્રતિવાદી પાસે બાકી લ્હેણી રકમ નિકળતી હોવાનુ જણાવેલ છે. પ્રતિવાદીને ધારાસર સમન્સ બજી ગયા બાદ તેઓ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી. જેથી તેમની સામે એકતરફી કામ આગળ ચલાવવામાં આવેલ છે. આમ,પ્રતિવાદી પોતે કે તેમના પ્રતિનિધિ કે વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે જવાબ રજુ કરેલ નથી કે દાવાનો ઈન્કાર કરેલ નથી. આ સાહેદે તેની સોગંદ ઉપરની જુબાનીમાં ઉપર જણાવ્યા મુજબનાં દસ્તાવેજો આંક–૦૯ થી ૧૫ સુધીનાં પુરાવામાં રજૂ રાખેલ છે અને દાવા મુજબ દાદ માંગેલ છે. આમ, સદર અધિકારી વાદી કંપનીના ફરજ પરના અધિકારી છે તેમને પ્રતિવાદી સાથે કોઈ અંગત દુશ્મનાવટ હોવાનુ રેકર્ડમાંથી નિકળી આવતુ નથી.પ્રતિવાદીને અગાઉ વાદી કંપનીના આ સાહેદ મળેલા હોય તેવુ પણ રેકર્ડમાંથી નિકળી આવતુ નથી. તેથી તેઓની વિરૂધ્ધ આ અધિકારીને કાર્યવાહી કરવાનુ કોઈ કારણ જણાતું નથી. આમ, વાદીના સાહેદે વાદીના દાવાને સમર્થન આપેલ છે. આ સાહેદની જુબાનીને પ્રતિવાદીએ કોર્ટમાં હાજર રહી પડકારેલ નથી કે તેઓની કોઈ

ઉલટતપાસ કરેલ નથી. આથી આ સાહેદની જુબાનીને નહિ માનવાને કોઈ કારણ જણાતું નથી.

૧૦. આ કામના પ્રતિવાદીને દાવાનો સમન્સ ધારાસર બજી જતાં કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે કોઈ રીપોર્ટ આપેલ નથી કે જવાબ આપેલ ન હોય તેમની સામે દાવો એકતરફી આગળ ચલાવવામાં આવેલ ત્યારબાદ પ્રતિવાદીએ કોર્ટ સમક્ષ હાજર થઈ વાદીના દાવાને કે દસ્તાવેજોને પડકારેલ નથી તેમજ અદાલતમાં કેસ ચલાવતાં સમયે પ્રતિવાદીનો પોકાર કરવા છતાં વાદીના સાહેદની ઉલટતપાસ કરવા પણ પ્રતિવાદી તરફે કોઈ હાજર રહેલ નથી. જેથી વાદીની હકીકતો નહિ માનવા માટે કોઈ કારણ નથી. તે રીતે વાદી આ કામના પ્રતિવાદી પાસે તેની દાવાવાળી રકમ લ્હેણી થતી હોવાનુ પુરવાર કરવામાં સફળ થતાં હોવાનુ જણાય છે અને તેથી મુદ્દાનં.૧ અને ૨ નો જવાબ તે રીતે "હકારમાં" ઠરાવુ છું.

૧૧. ઉપરોકત હકીકતો જોતાં વાદી પ્રતિવાદી પાસેથી બીલની રકમ તથા વિલંબીત ચાર્જની રકમ મેળવવા હકકદાર થાય છે. પરંતુ વાદીએ દાવાવાળી રકમ ઉપર દાવા તારીખથી તે વસુલ થતાં સુધી ૧૮% ના વ્યાજની માંગણી કરેલી છે. પરંતુ પ્રવર્તમાન વ્યાજના દરો જોતાં વાદીના દાવાની તારીખથી તે મુદલ રકમ પર વાર્ષિક ૭% (સાત ટકા) લેખે સાદુ વ્યાજ દાવાવાળી રકમ વસુલ થતાં સુધી અપાવવુ જોઈએ તેમ મારૂ માનવુ છે. આ સંજોગોમાં વાદી પક્ષે રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ વાદી પક્ષની રજુઆત ગ્રાહય રાખી ન્યાયનાં હિતમાં મુદ્દાનં.૩ નો જવાબ પણ "હકારમાં" આપી, મુદ્દાનં.૪ સબબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:–: હુ ક મ :–:

૧) વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

૨) આ કામના પ્રતિવાદી પાસેથી વાદીની લ્હેણી નિકળતી રકમ રૂા.૧૭,૮૪૬–૦૦ (અંકે રૂપિયા સત્તર હજાર આઠસો છેતાલીસ પુરા) દાવા તારીખથી દાવાવાળી રકમ વસુલ થતાં સુધી વાર્ષિક ૭% (ટકા)ના સાદા વ્યાજ સાથે પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકતથી વસુલ મેળવી શકે તેવુ વાદીની તરફેણમાં અને પ્રતિવાદીની વિરૂધ્ધમાં હુકમનામું કરી આપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩) વાદીના દાવાનો ખર્ચ પ્રતિવાદીએ ચૂકવવો, જયારે પ્રતિવાદીએ પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૪) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા.૨૬–માહે–ફેબ્રુઆરી–સને–૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભાળવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.

તારીખ.૨૬–૦૨–૨૦૧૯.

(કમલેશ કિશોરભાઈ શુકલ)
(કોડ નં.જીજે.૦૦૫૪૭)
સ્પે.જજ (ઈલે. એકટ હેઠળ સ્થપાયેલી કોર્ટ)
અને ૯'માં એડી.ડીસ્ટ્રીકટ જજ
ભાવનગર.

(બી.બી.ગોસાઈ)